# માર્ચ એન્ડિંગ પૂર્વેનું ટેક્સ પ્લાનિંગ એન્ડ મેનેજમેન્ટ

૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ પૂર્ણ થાય તે પૂર્વે કરદાતાઓએ તેમની આવકવેરા જવાબદારીઓ અદા કરવાના સંદર્ભમાં તેમ જ આવકવેરા આયોજનના લાભો મેળવવા સંબંધી ઉપયોગી માર્ગદર્શન અત્રે પ્રસ્તુત કરીએ છીએ, જે વાચક મિત્રો માટે રસપ્રદ તેમ જ ઉપયોગી બની રહેશે.

## એડવાન્સ ટેક્સ ભરવાની તમારી જવાબદારી અંગે આટલું ખ્યાલમાં રાખશો !

આવકવેરાના કાયદા હેઠળ કરદાતાએ તેની કુલ અંદાજિત કરપાત્ર આવક ઉપર ભરવાપાત્ર આવકવેરાની રકમ રૂ. ૧૦,૦૦૦થી વધુ થતી હોય તો, આવી રકમ નાણાકીય વર્ષ દરમિયાન એડવાન્સ ટેક્સ તરીકે ભરવાપાત્ર રકમ નક્કી કરતી વખતે ગ્રોસ એડવાન્સ ટેક્સમાંથી TDS સ્વરૂપે કપાયેલ રકમ બાદ કરવાની રહે છે. જો કરદાતાએ તેમણે ભરવાપાત્ર એડવાન્સ ટેક્સની રકમ ૩૧મી માર્ચ સુધીમાં અદા ન કરી હોય તો તેવા કેસમાં તેણે કલમ ૨૩૪બી હેઠળ નાણાકીય વર્ષ પછીની તારીખ ૧લી એપ્રિલથી શરૂ કરીને ચૂકવવાપાત્ર આવી રકમ ઉપર માસિક ૧%ના દરે વ્યાજ ચૂકવવાનું રહે છે. આ સંદર્ભમાં રૂ. ૩,૬૭,૦૦૦થી વધુ કરપાત્ર આવક ધરાવતા વ્યક્તિ તેમ જ HUF હોય તેવા કરદાતાઓએ (જેમના કેસમાં કલમ ૮૭એ હેઠળ મળવાપાત્ર રિબેટ બાદ કર્યા પછી ભરવાપાત્ર ટેક્સની રકમ રૂ. ૧૦,૦૦૦થી વધુ થાય) તેમના કેસમાં એડવાન્સ ટેક્સની જવાબદારી ચકાસી લેવાનું સલાહભર્યું ગણાય. જો કરદાતાએ ભરવાપાત્ર ટેક્સની રકમ રૂ. ૧૦,૦૦૦થી ઓછી થતી હોય તો તેવા કેસમાં તે આવી રકમ 'સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ' સ્વરૂપે (કોઈપણ વ્યાજ ભરવાની જવાબદારી સિવાય), તેનું આવકવેરા રિટર્ન ભરવાના સમયે ચૂકવી શકે છે.



**ટેક્ષ પ્લાનિંગ**

**વિથ મૂકેશ પટેલ**

**દૃષ્ટાંત :** શ્રી અમદાવાદીની નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ની કુલ રૂ. ૪,૦૦,૦૦૦ની કુલ કરપાત્ર આવક ઉપર તેમણે ભરવાપાત્ર આવકવેરો તથા એજ્યુકેશન સેસ (જેમના કેસમાં કલમ ૮૭એ હેઠળ મળવાપાત્ર રિબેટ બાદ કર્યા પછી) રૂ. ૧૩,૪૫૦ થાય. તેમના કેસમાં તેમના પગારમાંથી રૂ. ૬,૦૦૦ની કરાયેલી TDSની કપાત લક્ષમાં લેતા બાકી ભરવાપાત્ર આવકવેરાની રકમ રૂ. ૭,૪૫૦ રહે, તે રૂ. ૧૦,૦૦૦થી ઓછી હોઈ, તેને એડવાન્સ ટેક્સ તરીકે ભરવી જરૂરી નથી, પરંતુ તે ૩૧મી જુલાઈ, ૨૦૧૫ સુધી સેલ્ફ એસેસમેન્ટ તરીકે ભરી શકાય.

## સિનિયર સિટીઝન તેમ જ અંદાજિત આવકના કેસોમાં એડવાન્સ ટેક્સમાંથી વિશિષ્ટ મુક્તિ !

કલમ ૨૦૭ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩થી અમલી બનેલ વિશિષ્ટ જોગવાઈ અનુસાર ભારતમાં રહીશ હોય તેમ જ ધંધા વ્યવસાય સિવાયની આવક ધરાવતા, સિનિયર સિટીઝન (અર્થાત્ ૬૦ વર્ષથી ઉપરના વયના) કરદાતાના કેસમાં એડવાન્સ ટેક્સ ભરવાની જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આ ઉપરાંત કલમ ૪૪એડી તેમ જ ૪૪એઈ હેઠળ અંદાજિત આવક યોજનાનો લાભ લેતા કરદાતાના કેસમાં પણ આવી અંદાજિત આવકના સંદર્ભમાં એડવાન્સ ટેક્સ ભરવાની કોઈ જવાબદારી રહેશે નહીં, તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

ઉપરોક્ત બંને કેસોમાં સંબંધિત કરદાતા તેણે ભરવાપાત્ર ટેક્સ તેના આવકવેરા રિટર્ન સાથે સેલ્ફ એસેસમેન્ટ ટેક્સ સ્વરૂપે ભરી શકશે.

## આવકવેરા રિટર્ન મોડામાં મોડું ક્યાં સુધી ફાઈલ કરી શકાય ?

કલમ ૧૩૯(૪)ની જોગવાઈઓ અનુસાર કરદાતાએ પોતાનું આવકવેરા રિટર્ન મોડામાં મોડું સંબંધિત આકારણી વર્ષના અંતથી એક વર્ષની અંદર અથવા તેની આવકવેરા આકારણી સંપૂર્ણ થાય તે પહેલાં બેમાંથી જે સમય વહેલો હોય તે દરમિયાન ભરવાનું રહેશે. આમ, કરદાતાએ આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ માટેનું તેનું રિટર્ન મોડામાં મોડું તારીખ ૩૧-૩-૨૦૧૫ પહેલાં ફાઈલ કરવાનું રહે.

આ જ પ્રમાણે કલમ ૧૩૯(૫)ની જોગવાઈઓ અનુસાર સુધારેલું રિટર્ન (Revised Return) ભરવા માટેની સમય મર્યાદા પણ સંબંધિત આકારણી વર્ષના અંતથી એક વર્ષની અંદર અથવા કરદાતાની આકારણી સંપૂર્ણ થાય તે પહેલાં બેમાંથી જે સમય વહેલો હોય તે નિયત કરવામાં આવી છે.

## આકારણી વર્ષ ૨૦૧૪-૧૫નું આવકવેરા રિટર્ન ૩૧મી માર્ચ સુધીમાં ભરવામાં ન આવે તો રૂ. ૫,૦૦૦નો દંડ થઈ શકે !

કલમ ૨૭૧એફ હેઠળ કરાયેલી વિશિષ્ટ જોગવાઈ અનુસાર, જો કરદાતા સંબંધિત આકારણી વર્ષ માટેનું તેનું આવકવેરા રિટર્ન આકારણી વર્ષના અંત સુધીમાં ભરે નહીં તો તેના કેસમાં રૂ. ૫,૦૦૦નો દંડ થઈ શકે. આને અનુલક્ષીને ચાલુ આકારણી વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું આવકવેરા રિટર્ન મોડામાં મોડું ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં ભરાય તેની કાળજી લેવી જોઈએ.

## સ્ક્રૂટિની આકારણી માટેની નોટિસ ઈશ્યૂ કરવા સંબંધી જોગવાઈને ખ્યાલમાં રાખશો !

૧લી એપ્રિલ, ૨૦૦૮થી અમલી બનેલ સુધારા અનુસાર કરદાતાએ તેનું આવકવેરા રિટર્ન જે નાણાકીય વર્ષમાં ભર્યું હોય, તેના અંતથી છ મહિનાની અંદર કલમ ૧૪૩(૨) અન્વયે સ્ક્રૂટિની આકારણી માટેની નોટિસ ઈશ્યૂ કરી શકાશે. ઉપરોક્ત જોગવાઈને લક્ષમાં રાખતાં ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં ફાઈલ કરાતાં આકારણી વર્ષ ૨૦૧૪-૧૫ માટેના આવકવેરા રિટર્નના સંદર્ભમાં સ્ક્રૂટિની આકારણીની નોટિસ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૫ સુધી ઈશ્યૂ કરી થઈ શકે, પરંતુ ૧લી એપ્રિલ, ૨૦૧૫ કે ત્યાર બાદ આ આવકવેરા રિટર્ન ભરવામાં આવે તો તે કેસમાં સ્ક્રૂટિની માટેની નોટિસ ઈશ્યૂ કરવા માટે આવકવેરા ખાતાને એક વર્ષનો વધુ સમય મળી રહે, કારણ કે આવા કેસમાં નોટિસ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬ સુધી ઈશ્યૂ કરી શકાય !

## ૨૦૧૪-૧૫નું નાણાકીય વર્ષ પૂરું થાય તે પહેલાં આટલું ચકાસવાનું ચૂકશો નહીં!

| | |
|---|---|
| ★ કલમ ૮૦સી હેઠળ રૂ. ૧,૫૦,૦૦૦ સુધીના નિયત રોકાણો કે ખર્ચ કરીને રૂ. ૪૫,૦૦૦ સુધીની આવકવેરા બચત કરવાનું ચૂકશો નહીં ! | ★ ચાલુ આકારણી વર્ષ ૨૦૧૪-૧૫નું આવકવેરા રિટર્ન ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં ફાઈલ કરવામાં ન આવે તો રૂ. ૫,૦૦૦ સુધીનો દંડ થઈ શકે તે ભૂલશો નહીં ! |
| ★ વૈજ્ઞાનિક સંશોધનમાં કાર્યરત હોય તેવી સંસ્થાઓ (જેમ કે કેન્સર રિસર્ચ સોસાયટી)ને દાન સંબંધી અપાતી રકમ અંગે ૧૭૫%ની કપાતનો લાભ મળી શકે તે ખ્યાલમાં રાખશો ! | ★ આવકવેરો ભરવાપાત્ર ન હોય તેવા કેસમાં વ્યાજમાંથી TDSની કપાત ન થાય તેનો લાભ મેળવવા ફોર્મ ૧૫-જી કે ફોર્મ ૧૫-એચ રજૂ કરવાનું ચૂકશો નહીં ! |
| ★ આકારણી વર્ષ ૨૦૧૩-૧૪ના આવકવેરા રિટર્નમાં કોઈ પણ સુધારો હોય તો તે અંગેનું રિવાઈઝ્ડ રિટર્ન ૩૧મી માર્ચ, ૨૦૧૫ સુધીમાં ફાઈલ કરી શકાય ! | ★ એડવાન્સ ટેક્સ ભરવાની અથવા TDSની કપાત કરવાની તમારી આવકવેરા જવાબદારીઓનું યોગ્ય પાલન કર્યું છે તેને ચકાસણી કરવાનું ભૂલશો નહીં ! |